**ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ., હેડ ઓફીસ, અમદાવાદ.**

**<u>લોન અરજી સાથે શાખાએ હેડ ઓફીસને મોકલવાના પેપર્સની યાદી</u>**

**<u>હાઉસીંગ ટર્મ લોન</u>**

૧. હાઉસીંગ લોન સ્કીમ હેઠળ ખરીદવાની થતી મિલકત અંગેના સંપૂર્ણ દસ્તાવેજો જેવા કે એલોટમેન્ટ લેટર, શેર સર્ટીફીકેટ, સેલ ડીડ એગ્રીમેન્ટ, બાનાખત અને ૭/૧૨ ના ઉતારા.

૨. અરજદાર વ્યક્તિની આવકના યોગ્ય પુરાવાઓ જેવાં કે છેલ્લાં ત્રણ વર્ષના ઈન્કમ ટેક્ષ રિટર્નની તથા એસેસમેન્ટની કોપીઓ.

૩. વેપારી / ધંધાદારી વ્યક્તિના કિસ્સામાં અરજદારના ધંધાના કે વ્યવસાયના છેલ્લાં ત્રણ વર્ષના સરવૈયા, વેપાર તથા નફા નુકશાન ખાતાની નકલો, સેલ્સ ટેક્ષ/ ઈન્કમ ટેક્ષ ભર્યા અંગેના ચલણો, પ્રોપરાયટર કે પાર્ટનરની મૂડી ખાતાના આવકના, રહેઠાણના પુરાવાઓ તેમજ વ્યક્તિગત જવાબદારીઓ અને આવક વેરો ભર્યા અંગેની ઈન્કમ ટેક્ષ રિટર્નની કોપીઓ.

૪. જામીનદારોના આવકના, તેમજ તેમના નામે આવેલ મિલકતના પુરાવાઓ તથા તેમના હાલના રહેઠાણના પુરાવાઓ.

૫. નવું કે વધારાનું બાંધકામ કરવાનું હોય તો જે માન્ય ઓથોરીટી તરફથી મળેલ બાંધકામ પરવાનગી પત્ર, તેમજ મંજુર કરેલ પ્લાનની કોપી ઉપરાંત નવું કરવાનું થતું બાંધકામ, મેળવેલ પરવાનગી પત્ર/ મંજુર કરેલ પ્લાન મુજબનું જ હશે તે મતલબનું એન્જીનીયર કે કોન્ટ્રાક્ટરનું પ્રમાણપત્ર.

૬. સદરહુ મિલકત માટે ચૂકવેલ કે આપેલ રકમની મૂળ પહોંચો.

૭. સદરહુ મિલકત ઉપર કાઈનો કોઈપણ પ્રકારનો બોજો, લોન, લિયન તારણ નથી તે મતલબનું વેચનાર પાસેથી સોગંદનામું/બાંહેધરી પત્ર અથવા તે મતલબનો યોગ્ય ખાત્રી પત્ર.

૮. જે મિલકત સામે લોન લેવાની છે તે મિલકતની વીઝીટ લીધેલ છે તેનું સર્ટીફીકેટ.

૯. વેલ્યુઅર દ્વારા મિલકતનું વેલ્યુએશન થયેલ હોય તો વેલ્યુઅરનો વેલ્યુએશન રીપોર્ટ.

૧૦. બેંકના માન્ય સોલીસીટર દ્વારા માંગવામાં આવતા અન્ય દસ્તાવેજો.